# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2024** **Morning : 7.10 to 7.20**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## GOVT WHEAT

સરકારે ઘઉંના સંગ્રહને ફરજિયાત જાહેર કરવાનો આદેશ આપ્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યા પ્રમાણે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના છૂટક તથા જથ્થા બધ વેપારીઓ 1 એપ્રિલથી આગળના આદેશો સુધી ઘઉંના સંગ્રહની સ્થિતિ જાહેર કરવી પડશે.

આ નિર્ણય સંગ્રહખોરી રોકવા માટે લેવામાં આવ્યો છે. મંત્રાલય દ્વારા આપવામાં આવેલ પોર્ટલ પર જે એકમ નોંધાયેલ નથી તેણે પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને દર શુક્રવારે ઘઉં અને ચોખાના સંગ્રહની જાહેરાત કરવી પડશે.

## VOTING AWARENESS CAMPAIGN-1

રાજયમાં ચૂંટણી અંતર્ગત વિવિધ જીલ્લાઓમાં મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. મોરબી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના અધ્યક્ષસ્થાને વિવિધ ઉદ્યોગો અને કારખાનાઓના મજૂરો તેમજ કામદારોને મતદાન બાબતે જનજાગૃતિ કેળવાય તે હેતુથી વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોરબીના સિરામીક એસો. હોલ ખાતે જિલ્લા વહિવટી તંત્ર તેમજ ચૂંટણી શાખા દ્વારા મતદાન અંગે થયેલ M.O.U. ની સમજણ, અમલીકરણ તેમજ પેઇડ લીવ અંગેની જાગૃતિ માટે ચર્ચા કરાઇ હતી.

તાપી જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં ૬૯૫ પ્રિસાઇડીંગ અને મદદનીશ પ્રિસાઇડીંગ ઓફિસરોની તાલીમ યોજાઈ હતી. જેમાં ચૂંટણી પુર્વે, ચૂંટણી દરમિયાન અને ત્યાર બાદ ધ્યાને લેવાની બાબતો, આદર્શ આચાર સંહિતા વિશે, ચૂંટણી પુર્વ સંધ્યાએ જરૂરી સામગ્રીઓ, મતદાન દિવસની જવાબદારી, ઇવીએમ મશીન, વીવી પેટ મશીનનો ડેમો અને જરૂરી બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

રાજકોટ જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણી અંગે જિલ્લા ચૂંટણી અધિકારી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ વિવિધ મતવિસ્તારમાં ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ સ્ટાફને તાલીમ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત પી.ડી.માલવીયા કોલેજ ખાતે રાજકોટ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારનાં લગભગ ૪૦૨ જેટલા પ્રીસાઈડિંગ ઓફિસરોને બે તબક્કામાં ઇ.વી.એમ, વી.વી.પેટ, પોસ્ટલ બેલેટ તેમજ બૂથ લેવલ સહિત સમગ્ર ચૂંટણી કામગીરી વિષે તાલીમ આપવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં હિંમતનગરની ધાણધા જીઆઇડીસી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મતદાન અંગે જાગૃતી કેળવાય અને જિલ્લામાં વધુમાં વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તેવો અનુરોધ કરાયો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ કોઇએ “મતદાન અવશ્ય કરીશ” ના શપથ લીધા હતા.

મહેસાણા જીલ્લામાં પણ સ્વીપ કાર્યક્રમ અંતર્ગત વિજાપુર તાલુકાની વિવિધ આંગણવાડીઓમાં પણ મતદાર જાગૃતિ અંગે સહી ઝુંબેશ યોજાઇ હતી.

## DOT

દુરસંચાર વિભાગે નાગરિકોને થતી છેતરપિંડી અંગે સાવચેત રેહવા માટે એક માર્ગદર્શિકા બહાર પાડી છે. વિભાગે, વિદેશી WhatsApp નંબરોથી થતી છેતરપિંડી વિશે પણ લોકોને જાગૃત કર્યા છે.

વિભાગે એક નિવેદનમાં કહ્યું છે કે સાયબર ગુનેગારો સાયબર અપરાધ અથવા નાણાકીય છેતરપિંડી કરવા માટે આવા કોલ દ્વારા વ્યક્તિગત માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે. વિભાગે કહ્યુ છે કે, તેના દ્વારા આવા કૉલ્સ કરવામાં આવતાં નથી અને તેથી લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે અને

આવા કૉલ્સ આવવાના કિસ્સામાં કોઈપણ માહિતી શેર ન કરવા માટે કહેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે લોકોને દુરસંચાર વિભાગ તરફથી તેમના મોબાઈલ નંબર બંધ કરી દેવા અથવા તો તેમના મોબાઈલ નંબરનો કેટલીક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે દુરુપયોગ થઈ રહ્યો હોવાના ફોન કોલ્સ આવી રહ્યાની ફરિયાદ થઈ રહી છે.

## INTERNATIONAL CONFERENCE OF MEHSANA

મહેસાણાની ગણપત યુનિવર્સિટીમાં બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરાયું હતું.

અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છ કે, ભારતીય જ્ઞાન પરંપરાના કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી આ પરિષદમાં કુલ 295 પ્રતિનિધિઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. અને 22 રાજ્યોની વિવિધ સંસ્થાઓમાંથી 69 જેટલા શોધપત્રો, 82 પોસ્ટર્સ અને 38 જેટલા આર્ટિકલ્સ પ્રાપ્ત થયા હતા. આ કોન્ફરન્સ માં વિવિધ યુનિવર્સિટીના વડાઓ તેમજ વિધ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## OKHA-GORAKHPUR EXPRESS CANCELED TILL MAY 12

રાજકોટ ડીવીઝનમાંથી પસાર થતી ઓખા ગોરખપુર અને ગોરખપુર ઓખા એકસપ્રેસ ટ્રેનો 12મી મે સુધી રદ કરવામાં આવી છે. પશ્ચિમ મધ્ય રેલવેના બીના સ્ટેશન પર મેન્ટેનન્સના કામને કારણે આ ટ્રેનો રદ કરવામાં આવી છે. જે મુજબ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ 7, 14, 21, 28, એપ્રિલ અને 5 અને 12મી મે ના રોજ રદ રહેશે.

જયારે ગોરખપુર-ઓખા એક્સપ્રેસ 04, 11, 18, 25, એપ્રિલ અને 2 અને 9મી મે ના રોજ રદ રહેશે.

## UNSEASONAL RAIN

રાજયના ડાંગ અને તાપી જીલ્લામાં આજે કમોસમી વરસાદ થયો હોવાના અહેવાલ છે. અમારા ડાંગ જિલ્લાના પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, આજે જિલ્લાના મુખ્ય મથક આહવા, સાપુતારા, નડગ, ચોન્ડ,,મુરંબી અને ગુંદવહડ જેવા વિસ્તારમાં ઝરમર વરસાદ વરસ્યો હતો જ્યારે સમગ્ર ડાંગ જિલ્લામાં વાદળછાયા વાતાવરણને પગલે ગરમીમાંથી લોકોને આંશિક રાહત મળી હતી.

અમારા તાપી જીલ્લાના પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, તાપીના સોનગઢમાં પણ આજે વાતાવરણમાં પલટો આવતાં ઝરમરીયો વરસાદ થયો હતો. કમોસમી વરસાદના કારણે ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

## BIRTH OF TWO WHITE TIGER CUBS

રાજકોટ પ્રાણીઉદ્યાનમાં બે સફેદ વાઘબાળનો જન્મ થયો છે. ઝૂ વેટરનરી ઓફિસર તથા ટીમ દ્વારા માતા તથા બચ્ચાંઓનું સીસીટીવી દ્વારા રાઉન્ડ ધ કલોક મોનીટરીંગ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ પ્રાણીઉદ્યાનનું વાતાવરણ સફેદ વાઘ તથા એશીયાઇ સિંહોને અનુકુળ આવી જતા ખુબ જ સફળતાપૂર્વક સંવર્ધન થઇ રહેલ છે. હાલ ઝૂ ખાતે બે સફેદ વાઘ બાળનો જન્મ થતા સફેદ વાઘની સંખ્યા ૧૦ થઇ છે.

હાલ ઝૂ માં જુદી જુદી ૬૭ પ્રજાતિઓનાં કુલ-૫૬૪ વન્યપ્રાણી-પક્ષીઓ છે.